# ડીસા જમીન કેસમાં ડીવાય, એસપી અને રાઈટરના ઘરે સીઆઈડી ક્રાઈમે તપાસ કરી

ડીસા, તા. ૬

ડીસા દામા ગામની જમીન કેસમાં પોતાની સતાનો દુર ઉપયોગ કરવા બદલ હાઈકોર્ટના આદેશથી ડીવાયએસપી અને રાઈટર સામે ફરીયાદ નોંધાઈ હતી. જેમાં ડીવાયએસપી ગતરોજ કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકી હતી. જેકે કોર્ટ અરજી રદ કરી હતી. અને બુધવારે સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ડીસામાં બન્ને આરોપીઓની ધરપકડ કરવા માટે આવી હતી.જેકે એક પણ આરોપી હાથ લાગ્યો ન હતો. આ સમગ્ર બનાવની વિગત એવી છેકે બનાસકાંઠા જીલ્લાના વેપારી મથક ડીસા તાલુકાના દામા ગામે આવેલ એક જમીન વિવાદના કેસમાં તપાસ કરી રહેલા ડીવાયએસપી રાજેન્દ્ર બી.યાજ્ઞિક કેસની તપાસને અસર કરે તેવા છબરડાં કર્યા હતા.

આ અંગે ફરીયાદી બલરામભાઈ પઢીયારે હાઈકોર્ટમાં રીટ કરી હતી. તેથી હાઈકોર્ટ સીઆઈડી ક્રાઈમને તપાસનો આદેશ આપ્યો હતો.જેમાં ડીવાયએસપી રાજેન્દ્ર યાજ્ઞિક અને હે.કો.પ્રવિણભાઈ પરમારે સત્તાનો દુર ઉપયોગ કરીને છબરડાં કર્યા હોવાનું બાર આવતા આ બન્ને આરોપીઓ સામે ફરીયાદ નોંધાઈ હતી. તેથી આ કેસમાં આગોતરા જામીન મેળવવા માટે ડીવાયએસપી રાજેન્દ્ર યાજ્ઞિક અને હે.કો.પ્રવિણ પરમારે સેશન કોર્ટમાં અરજી કરી હતી કે તેઓને આ કેસમાં ખોટી રીતે ફસાવામાં આવ્યા છે. તો બીજી તરફ અરજદાર તરફે અડવોકેટ બી.એસ. પટેલે એવી રજુઆત કરી હતી કે આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો આચર્યો છે. તેથી એડીશનલ સેશસન જજ એમ.કે. દવેએ આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.જેથી ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચની સુચનાથી બુધવારે બપોરે પાલનપુર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચના યુનિટના પી.આઈ. એસ. જે. પવાર પી.એસ.આઈ. એન. જે. પટેલ,કો. દિનેશસિંગ સહિતની ટીમે ડીસા પોલીસને સાથે રાખી આરોપીઓની ધરપકડ કરવા માટે પ્રથમ ડીસા શહેરના ગુલબાણી નગર ભાગ -૨ માં રહેતા ડીવાયએસપી રાજેન્દ્ર યાજ્ઞિકના ઘરે ટીમ પહોંચી હતી.

જોકે રાજેન્દ્ર યાજ્ઞિકનું ઘર બંધ હતું. જેથી સીઆઈડી ક્રાઈમની ટીમે આસપાસમાં પુછપરછ કર્યા બાદ કાંટ રોડ પર આવેલ બજરંગ નગર વિસ્તારમાં રહેતા હે.કો.પ્રવિણભાઈ પરમારના ઘરે પહોંચી હતી. જ્યાં ધરમાં તપાસ કરતાં પ્રવિણભાઈ ઘરે હાજર ન હતાં. જેથી સીઆઈડીની ટીમે તેમના ઘરવાળોના જવાબો લીધા હતા. બન્ને આરોપીઓને પકડવા આવેલ સીઆઈડી ક્રાઈમની ટીમના હાથે એકપણ આરોપી ઝડપાયો ન હતો. અને આ બન્ને આરોપીઓને ટુંક સમયમાં ઝડપી પાડવામાં આવશે. તેમ સીઆઈડી ક્રાઈમના અધિકારીઓ જણાવ્યું હતું.


(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

### ડીવાયએસપીના ઘરે તાળાં

જમીન કેસમાં આગોતરા જામીન ન મંજુર થતાં ધરપકડના ડરથીડીવાયએસપી રાજેન્દ્ર યાજ્ઞિક ડીસા ગુલબાણી નગરમાં આવેલ તેમના ઘરને તાળાં મારીને ફરાર થઈ ગયા છે.

**ફરીયાદી પાસેથી ૩૫ લાખની લાંચ માંગી હતી. એડીશનલ સેશન જજ એમ.કે.દવે આરોપીઓના આગોતરા જામીન રદ કરી નોંધ્યું હતું કે આ કેસમાં પ્રથમ દર્શનીય રીતે ગુનો બન્યો હોવાનું લાગે છે. આરોપી સામે ગંભીર પ્રકારના આક્ષેપો છે. તેમજ હજુ સુધી આ કેસની તપાસ પુર્ણ થઈ નથી. તેથી એવું જણાઈ આવે છેકે આરોપીઓએ ફરીયાદી પાસેથી ૩૫ લાખની લાંચ માંગી હતી.**

## સાબરકાંઠામાં ધોરણ-૧૦ અને ૧૨ની ૭૭ કેન્દ્રો પર પરીક્ષા લેવાશે

હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જિલ્લામાં ગુરુવારથી ધોરણ-૧૦ અને ૧૨ની વાર્ષિક પરીક્ષા શરૂ થશે જેમાં ધોરણ-૧૦માં ૮૩ કેન્દ્રો પરના ૯૩ સ્થળોએ ૧૩૭૭ બ્લોકમાં ૩૯૩૯૨ અને ધોરણ-૧૨માં ૨૫ કેન્દ્રો પરના ૬૫ સ્થળોએ ૮૨૪ બ્લોકમાં ૨૫૩૯૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આ અંગે શિક્ષણ કચેરીથી જાણવા મળ્યા મુજબ પરીક્ષા દરમિયાન ૧૪૪ની કલમ લાગુ અને પરીક્ષા સ્થળ પાસે ઝેરોક્ષ બંધ ઉપરાંત મોબાઈલ પર પ્રતિબંધ સહીતના નિયમોનું પાલન કરવામાં આવશે. પરંતુ આ અંગે પરીક્ષામાં ચોરી કરનારા વિદ્યાર્થીઓ પર ત્રીજી નજર રાખવા માટે સી.સી.ટી.વી. કેમેરા અંગે શિક્ષણ કચેરી અને અધિકારીની પાસે કોઈ માહિતી ન હોવાનું જાણવા મળ્યું હતું.

## ઊંઝા શહેરમાં દલિત સાહિત્ય પર અંગ્રેજીમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૬

ઊંઝા શહેરની બી.બી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ. ગુરુ કોલેજના સંયુકત ઉપક્રમે અંગ્રેજીમાં દલિત સાહિત્ય સામાજીક અને સાહિત્યીક દ્દષ્ટિ કોણ વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીસંવાદમાં રાજય ઉપરાંત ભારતની વિવિધ યુનિવર્સિટીઓનાં ૧૦૦થી વધુ સંશોધકો પધારશે. તારીખ ૭ અને ૮ માર્ચ ૨૦૧૩ દરમિયાન પોતાના સંશોધનો રજુ કરશે અને ચર્ચામાં ભાગ લેશે.

આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના મંત્રી હરીશ મંગલમ, હૈદરાબાદથી કે. સત્યનારાયન, કવિ નિરવ પટેલ તથા જાણીતા સમાજ શાસ્ત્રી ઘનશ્યામ શાહ ભાગ લેવાના છે.

# બનાસકાંઠામાં ૭૧ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ડીસા, તા.૬

ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો-૧૦ અને ૧૨ની પરીક્ષાનો શુભારંભ થશે. જેમાં ૭૧ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપી પોતાનું ઉજજવળ ભાવિ નક્કી કરશે.

બનાસકાંઠા જિલ્લામાં ગુરુવારથી શરુ થતી એચએસસી અને એસએસસીની પરીક્ષાઓ માટે બનાસકાંઠા જિલ્લા શિક્ષણ માધ્યમિક બોર્ડ દ્વારા છેલ્લા કેટલાય સમયથી કેન્દ્ર ફાળવણી, સુપરવાઈઝર અને સ્કવોર્ડની નિયુકિત તેમજ વ્યવસ્થા માટેની કામગીરીની તૈયારી ચાલી રહી હતી. બ.કાં. જિલ્લાના ૪૬ કેન્દ્રો મારફતે યોજાનાર આ પરીક્ષામાં ધો-૧૦ના ૪૩ હજાર અને ધો-૧૨ના ૨૮૫૯૩ વિદ્યાર્થીઓ મળી કુલ ૭૧ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આજથી શરુ થતી પરીક્ષામાં વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રકારના માનસિક ટેન્શન વિના મુકત મને પરીક્ષા આપે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાઓ યોજાય તે માટે વિવિધ કેન્દ્રોમાં પોલિસનો બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે. અશકત તેમજ વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ભોંયતળીયે વિશેષ બેઠકની વ્યવસ્થા કરાઈ હોવાનું જિલ્લા શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. આ પરીક્ષા પાલનપુર, ડીસા અને દિયોદર એમ ૩ ઝોનમાં લેવાનાર છે. પાલનપુર ઝોન ખાતે હાયર સેકન્ડરીનું સંચાલન થશે. ધો-૧૦માં પ્રથમ પેપર ગુજરાતીનું છે. પરીક્ષા દરમિયાન કોઈ પણ મુશ્કેલી કે પુછપરછ માટે ૦૨૭૪૨ ૨૫૭૦૫૫ હેલ્પલાઈન પણ શરુ કરવામાં આવી છે. તેમજ વિવિધ ઝોનના અધિકારીઓને જે તે વિભાગની જવાબદારી સોંપવામાં આવી છે. આજથી ચાલુ થતી પરીક્ષા ૨૩ માર્ચના રોજ પુર્ણ થશે.

# સામઢી ગામે હિંસક રીંછના હુમલામાં બે ઘાયલ : ફોરેસ્ટ વિભાગે રીંછને ઝડપવા હાથ ધર્યું રીસ્કી ઓપરેશન

ડીસા, તા.૬

ડીસા નજીક આવેલા સામઢી ગામે આજે વહેલી સવારે જંગલી રીંછ દેખાયો હતો. સમગ્ર વિસ્તારમાં ભય ફેલાયો હતો. જે બાદ આ રીંછે પિત્તો ગુમાવી ગ્રામજનો પર સમયાંતરે કરેલા બે અલગ હુમલાઓમાં બે ઈસમોને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. રીંછના હુમલામાં ઘાયલ બે ગ્રામજનોને સ્થાનિકોની મદદથી સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયારે બીજી તરફ હિંસક બનેલા આ રીંછને ઝડપી પાડવા ફોરેસ્ટ વિભાગે રિસ્કયુ ઓપરેશન હાથ ધરેલ છે.

આ અંગેની મળતી માહિતી જોતાં આજે ડીસાથી અંદાજીત ૨૦ કિ.મી. દૂર આવેલા સામઢી ગામે વહેલી સવારે એક રીંછ રહેણાંક વિસ્તારમાં ઘુસી આવતા ભારે અફડાતફડી મચી હતી. જે બાદ ગ્રામજનોએ આ રીંછને ભગાડવા દેકારો બોલાવતા તે ઉશ્કેરાયું હતું. અને ખેતીકામ કરતાં સોરાબજી અનાટજી ઠાકોર પર હુમલો કરી આ રીંછ તેમના રાયડાના ખેતરમાં ભરાયું હતું. જે બાદ ફોરેસ્ટ વિભાગ અને પોલિસ ઘટના સ્થળે પહોંચી હતી. જયારે રીંછના હિંસક હુમલામાં સોરાબજી ઠાકોરને હાથે ફેકચર થયું હતું. રાયડાના ખેતરમાં છુપાયેલા રીંછે આશરે બે કલાક બાદ પુનઃ હુમલો કરી બાબુભાઈ જેસીંગભાઈ પ્રજાપતિ ઉ.વ.૫૦ને ઘાયલ કર્યા હતા અને તેમની ડાબી આંખ પર પંજો મારતા તેઓ લોહી લુહાણ હાલતમાં ફસડાયા હતા. તેમને પણ ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. રીંછ જંગલી વિસ્તારમાંથી રહેણાંક વિસ્તારમાં ધસી આવતા અને હિંસક બનતા ભારે ભય ફેલાયો છે.



## મોટી પંડુલીમાં જૈવિક સંરક્ષણ શિબિર સંપન્ન

ભારત સરકારના વનખાતા તરફથી અને નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલમેન્ટ અમદાવાદ દ્વારા પુરસ્કૃત વન પર્યાવરણ અને જાગૃતિ અન્વયે મેઘરજ તાલુકાની આદર્શ સરસ્વતી હાઈસ્કુલ મોટી પંડુલી ગામે શિબિર યોજાઈ હતી. હરિઓમ જન કલ્યાણ ટ્રસ્ટ મેઘરજ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. સમારંભના અધ્યક્ષ સ્થાને જયોતિ સેવા મંડળના મંત્રી નારાયણભાઈ ખરાડી મુખ્ય મહેમાન



તરીકે મેઘરજ વન વિભાજના ફોરેસ્ટ એસ.એમ. ડામોર આજુબાજુની શાળાઓના આચાર્યો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. વિદ્યાર્થીઓએ વર્ષે ૧૦૦ વૃક્ષો ખેતરમાં વાવવા સંકલ્પ કર્યો હતો. આભાર વિધિ કમલેશ પંચાલે કરી હતી. સ્વાગત પ્રવચન હરિ ઓમ જનકલ્યાણ ટ્રસ્ટના છગનભાઈ પંચાલે કર્યું હતું.

## ઊંઝાના મકતુપુરમાં ટ્રકની ઉઠાંતરી

ઊંઝા, તા.૬


ઊંઝા નજીકના મકતુપુર ગામેથી રાત્રિના સમયે કોઈ તસ્કરો રૂપિયા અગિયાર લાખ સાડત્રીસ હજારની કિંમતની મત્તાની ટાટા કંપનીની આઈશર ટ્રકની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ પોલીસ મથકે નોંધાયેલ છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે બહારમાઢ વિસ્તારમાં રહેતા જયેશકુમાર બાબુલાલ પટેલની ટાટા કંપનીની આઈશર ટ્રક નં. જીજે.૨ ઝેડ ૮૭૪૧ના ચાલક રાત્રિના સમયે ઊંઝા નજીકના મકતુપુર ગામે લઈ ગયા હતા. જયાં ટ્રકને ઘર આગળ પાર્ક કરી હતી. જે ટ્રકની રાત્રિના સમયે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી કયાંક ફરાર થઈ ગયા હતા.

## બાયડ તાલુકાના બોરડી ગામે પતિએ પત્નીનું ઢીમ ઢાળ્યું

બાયડ, તા. ૬

બાયડ તાલુકાના બોરડી ગામે આજે વહેલી સવારે ગામમાં એકાએક ભયાનક ચીસ સભળાંતા ગ્રામજનો વહેલી સવારે એ અવાજની દીશા તરફ દોડી ગયા હતા ત્યારે ત્યાં ગયા બાદ ઉપસ્થીત લોકોને જે દશ્ય



જોવા મળ્યું તે કાળજા કંપાવી નાખે તેવું હતું ત્યાં સ્થળ ઉપર વહેલી સવારે પતીએ પોતાની અર્ધાંગીની અને જન્મ જન્મ સુધી એકબીજાના સાથે રહેવાના સમ ખાનાર પત્નીનું જ કોઈ અંગત કારણોસર પાવડાનો ઘા કરી મોતને ઘાટ ઉતારી દીધી હતી. ત્યારે બનાવના સ્થળે લોહીનું ખાબોચીયુ ભરાઈ જવા પામ્યુ હતું.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર બાયડ તાલુકાના બોરડી ગામે રહેતા પર્વતસિહ ઝાલાએ પોતાની પત્નીને આજે કોઈ અંગત કારણસર તકરાર કરી વહેલી સવારે માથાના ભાગે પાવડો મારી મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી ત્યારે બાયડ પી.એસ.આઈ સી.કે. બાબરીયાએ ઘટના સ્થળે જઈ આરોપીની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

# ટોકરીયા મહાદેવ ખાતે મહાશિવરાત્રીની ધામધૂમપૂર્વક ઉજવણી

ડીસા, તા. ૬

બનાસકાંઠા અને પાટણ જિલ્લાની સરહદ પર ઊંટવાડા અને ખારેડાને જોડતા કાચા માર્ગ પર લડબી નદી અને શેકારીયા વ્હોળાનો જ્યાં સંગમ થાય છે ત્યાં જંગલ વિસ્તારમાં બિરાજમાન ટોકરીયા મહાદેવના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાશિવરાત્રિ નિમિત્તે મહંત ગૌતમપુરીજી મહારાજ દ્વારા ભજન સત્સંગ, ભાંગની પ્રસાદ અને શિવમહાઆરતીનું આયોજન ભક્ત ગણના સાથે સહકારથી કરવામાં આવ્યું છે. ઊંટવાડા, દલવાડા, ખારેડા, અમરપુરા અને તાલેપુરાની વચ્ચે આવેલ પ્રાચીન ધામ ટોકરીયા મહાદેવ ખાતે છેલ્લા કેટલાક વર્ષોથી ધાર્મિક કાર્યક્રમો અને સેવાનું કામ કરતા મહંત ગૌતમપુરી ગુરુ



કેવળપુરી મહારાજના અથાગ પ્રયત્નોથી મંદિરની કિર્તિ પ્રતિદિન દુર દુર સુધી ફેલાઈ રહી છે. મહાશિવરાત્રિ નિમિત્તે કરાયેલ વિવિધ આયોજનોમાં તમામ ભક્તો અને ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપતા મહંત ગૌતમપુરીએ જણાવ્યું છે કે શિવરાત્રિ નિમિત્તે ભક્તો માટે તમામ વ્યવસ્થા કરાઈ છે. ભગવાન શિવની મહાઆરતીનો લાભ લેવા તેમજ દર્શનાર્થે વધુમાં વધુ ભક્તજન હાજર રહી સંતો મહંતોના આશિર્વાદ મેળવે તેવી અમારી લાગણી છે. આ મંદિરે આવવા માટે ભાટસણથી ગઢ રોડમાં આવતા ઊંટવાડાના પાટીયે ઉતરી ત્યાંથી એક કિમી કાચા રસ્તા પર ચાલવું પડે છે.

# યુ.જી.વી.સી.એલ.ની બેદરકારીએ ખેડબ્રહ્માના અંતરિયાળ વિસ્તારના આદિવાસીના ઝુંપડાનું બીલ રૂ. ૨૩૪૭૮ આવ્યું

ખેડબ્રહ્મા, તા.૬

ખેડબ્રહ્મા તાલુકાના ચિખલી ગામના એક આદીવાસી ગ્રાહકને યુ.જી.વી.સી.એલ. દ્વારા હજારોની રકમનું વીજબીલ આપતા ગ્રાહકની હાલત કફોડી બની ગઈ હતી અને યુ.જી.વી.સી.એલ. દ્વારા વીજબીલમાં છબરડા વાળવાની બેદરકારી સામે આવવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકાના ચિખલી ગામના રહીશ કોદરભાઈ દૂતાભાઈ ગમાર યુ.જી.વી.સી.એલ.નું વીજ જોડાણ ધરાવે છે. અને તેમનો ગ્રાહક નંબર ૨૯૬૩૧/૧૫ ૮૫૨/૭ છે. આ ગરીબ આદીવાસી ગ્રાહકને વીજ કંપનીએ માર્ચ માસનું વીજ બીલ આપવામાં મોટો છબરડો વાળ્યો છે.

કોદરભાઈ ગમારનો વીજ વપરાશ ઓકટોબરનો રૂ. ૨૭૬ તથા ડીસેમ્બરનો રૂ. ૮૮ છે છતાં માર્ચ માસમાં બીલ નંબર ૩/૩૫/૧૮ થી રૂ. ૨૩૪૭૮.૪૮ની મોટી રકમનું બીલ આપવામાં આવ્યું છે. આટલી મોટી રકમનું તોતીંગ બીલ મળતા ગ્રાહકને ધોળા દિવસે તારા દેખાઈ ગયા હતા. વીજ કંપની દ્વારા વીજબીલ બનાવવામાં મોટી ભૂલો કરી બેદરકારી દાખવતા ગ્રાહકોની હાલત કફોડી બની જતી હોય છે. જેથી ગ્રાહકો ઉપર માનસિક અસર થવાની પણ શકયતાઓ વધી જતી હોય છે. આ અંગે ખેડબ્રહ્મા યુ.જી.વી.સી.એલ.ના ઈજનેર વી.એન. કરોલાએ જણાવ્યું હતું કે ગ્રાહકનું વીજબીલ જોઈ-તપાસી ઘટતું કરવામાં આવશે.

# ઉનાવાના મુખ્ય બજારમાં સશસ્ત્ર હુમલા સામે રોષ

ઊંઝા, તા.૬

ઉનાવા મેઈન બજારમાં જૂની અદાવતને કારણે ઓટોરીક્ષામાં આવેલ એક જૂથના કેટલાક શખ્સોએ બાઈક સાથે ઉભેલા બીજા જૂથના બે યુવાનો પર તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરીને ઈજાઓ પહોંચાડતા બજારના વેપારીવર્ગમાં ભયની લાગણી ફેલાઈ હતી. ઘટનાને પગલે બજારમાં ટપોટપ દુકાનો બંધ થઈ ગઈ હતી.

જાણવા મળ્યા મુજબ ઊંઝા નજીકના ઉનાવા ગામે સાંજના સમયે મેઈન બજારમાં બાઈક પર આવેલ બે યુવાનો પર તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કર્યો હતો. જેથી બંને યુવાનોને હાથના ભાગે તેમજ હાથની હથેળીમાં ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને તુરંત જ સારવાર અર્થે ઊંઝા હોસ્પિટલમાં ખસેડાયા હતા. ભરબજારમાં થયેલ હિંસક હૂમલાને પગલે બજારમાં ભયનો માહોલ સર્જાયો હતો અને ટપોટપ દૂકાનો બંધ થઈ ગઈ હતી.

આ ઘટનાની જાણ થતાં ઊંઝા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી. કહે છે કે જૂની અદાવતને કારણે આ બનાવ બન્યો હતો. હાલ ગામમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮